# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી

**સરદારકૃષિનગર–૩૮૫ ૫૦૬**

**<u>જિ.બનાસકાંઠા</u>**

**કચેરી : +૯૧–૦૨૭૪૮–૨૭૮૨૨૬, ફેક્સ : ૦૨૭૪૮–૨૭૮૨૩૪**

**ઈ–મેઈલ : registrar@sdau.edu.in**


જા.નં.સદાંકૃયુ/રજી/એ.ર.૬/૧૪૧૩૫-૯૪/૧૨, તારીખ :૨૦/૧૨/૨૦૧૨.

પ્રતિ,

આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

આ સાથે સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના શેરા પત્ર ક્રમાંક:પરચ/૧૧૨૦૧૨/૧૭૮૫/મ.૩, તા.૧૯/૧૧/૨૦૧૨ થી મોકલવામાં આવેલ નાયબ સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮/૧૦/૧૨ના જાહેર નામાની નકલ આ સાથે સામેલ રાખી જાણ તથા જરૂરી અમલ થવા સારુ મોકલી આપવામાં આવે છે.

**સામેલ :–ઉપર મુજબ.**

**કુલસચિવ**

**<u>નકલ રવાના</u> :–**

–આ વિભાગની તમામ શાખાઓ તરફ.

–આ શાખાના તમામ ટેબલો તરફ.

–હુકમ ફાઈલ / સિલેકટ ફાઈલ / પરિપત્ર ફાઈલ.

*BAROT//LETTER--T.6@hp-Com.*

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
બ્લોક નં.૨/૧, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૧૦/૨૦૧૨

**પ્રસ્તાવના**

રાજયમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા તથા વિધાનસભા તથા રાજય ચૂંટણીપંચ દ્વારા જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો, મહાનગર પાલિકાઓ, નગર પાલિકાઓ જેવી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીઓની જાહેરાત થાય છે અને ચૂંટણી જાહેર થતાં રાજયના તમામ જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ દ્વારા જે તે ચૂંટણી માટે ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, ઝોનલ ઓફિસરો વગેરેની નિમણૂક કરવામાં આવે છે. અને ચૂંટણીની કામગીરી મુકત અને ન્યાયી રીતે કરી શકાય અને કાયદો અને વ્યવસ્થાની પારેસ્થિતિ પર સૂંપર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે ચૂંટણીની જાહેરાત કરવામાં આવે તે જ તારીખથી મેજિસ્ટ્રીયલ પાવર્સ ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારીશ્રીઓ, વિવિધ કામગીરી માટે નિયુકત નોડલ ઓફિસરશ્રીઓ તથા ફલાઇંગ સ્કવોડ તથા સ્ટેટીક સર્વેલ્સ ટીમમાં નિયુકત તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને ચૂંટણી કામગીરી માટે નિયુકત કરવા જરૂરી જણાય અને નિયુકત કરવામાં આવે તેવા તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ હેઠળ નીચે જણાવેલ સત્તાઓ ચૂંટણીની જાહેરાત થયા તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધીના સમયગાળા માટે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આપી શકે તેવા હુકમો કરવા જુદા જુદા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ દ્વારા દરખાસ્તો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧. કલમ-૪૪ | ARREST BY MAGISTRATE |
| ૨. કલમ-૧૦૩ | TO DIRECT SEARCH IN HIS PRESENCE |
| ૩. કલમ-૧૦૪ | POWER TO IMPOUND ANY DOCUMENTS AND THINGS |
| ૪. કલમ-૧૨૯ | DISPERSAL OF ASSEMBLY BY USE OF CIVIL FORCE |
| ૫. કલમ-૧૪૪ | TO ISSUE TEMPORARY ORDERS IN URGERNT CASES OF NIISANCE OR APPREHENDED DANGER |

આમ, રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવાઇ રહે અને ચૂંટણીઓ ન્યાયી અને મુકત રીતે થઇ શકે તે હેતુથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

### જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩

જાહેરનામા ક્રમાંક.જીજી/૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૯૩/મ-સને ૧૯૭૩ ના ફોજદારી કાર્યરિતી અધિનિયમ(૧૯૭૪ નો બીજો) ની કલમ – ૨૧ થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી નીચે મુજબના હુકમો કરે છે.

રાજયમાં જ્યારે જયારે ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા કે રાજય વિધાનસભાની બેઠકોની ચૂંટણી જાહેર થાય તથા રાજય ચૂંટણીપંચ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની

ચૂંટણીઓ જાહેર થાય ત્યારે, તે અંગે બહાર પાડવામાં આવતા જાહેરનામાની તારીખથી મેજિસ્ટ્રીયલ પાવર્સ ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ ઓફિસરશ્રીઓ, વિવિધ કામગીરી માટે નિયુકત નોડલ ઓફિસરશ્રીઓ, ફલાઇંગ સ્કવોડ તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં નિયુકત તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને ચૂંટણી કામગીરી માટે નિયુકત કરવા જરૂરી જણાય રીતે નિયુકત કરવામાં આવે તેવા તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા તેમની જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ ૪૪,૧૦૩,૧૦૪,૧૨૯ અને ૧૪૪ ના અધિકારો ચૂંટણીની જાહેરાત થયા તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધીના સમયગાળા માટે ભોગવશે. આ અધિકારીઓશ્રી અને કમર્ચારીશ્રીઓને કયા વિસ્તાર અને સમયગાળા માટે નિમણૂક આપવી, તે અંગેનો નિર્ણય સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓએ કરવાનો રહેશે. વધુમાં સદર જાહેરનામા અન્વયે મળેલ સત્તાનો દુરૂપયોગ અથવા ખોટી રીતે અમલ કરવામાં આવેલ હોવાનું ધ્યાન પર આવશે તો સદર સત્તા આ વિભાગ દ્વારા પરત ખેંચી લેવામાં આવશે જે ધ્યાને લેવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ડી.આર.પટેલ)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ,

પ્રતિ,

- તમામ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ,
- સચિવાલયના તમામ વિભાગો
- મુખ્ય નિર્વાચન અધિકારી અને સચિવશ્રી, સા.વ.વિ, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, રાજય ચૂંટણીપંચ, બ્લોક ૯/૬, સચિવાલય,ગાંધીનગર.
- પો.મ.નિ. શ્રી અને મુ.પો.અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશનરશ્રીઓ
- સર્વે પોલીસ અધીક્ષકશ્રીઓ
- વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર તરફ આ જાહેરનામું ગુજરાત સરકારના આજના એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટના ભાગ ૪-ક માં પ્રસિધ્ધ કરવા અને તેની ૧૦૦ નકલો સરકારને મોકલી આપવાની વિનંતી સહ (ખાસદૂત મારફત)
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ

ક્રમાંક:- પરચ/૧૧૨૦૧૨/૨૭૮૫/અ-૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬/૧૧/૨૦૧૨.

પ્રત,
- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / કોર્પોરેશન / નિગમ /
[illegible]
- સેક્શન અધિકારીશ્રી, અ-શાખા, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર.

ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

જે. એ. પટેલ
સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

26.11.12
26/11/12